નવી સેવા ૨૦૧૪-૧૫
રાજયમાં નવા જીલ્લાની રચના સંદર્ભે નવુ મહેકમ મંજુર કરવા બાબત (આયોજન)

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ ,
ઠરાવ ક્રમાંકઃ મહક/ ૧૦૨૦૧૩/ ૩૮૪૬/સ.
સચિવાલય , ગાંધીનગર
તા.૨૭/૮/૨૦૧૪

**વંચાણે લીધાઃ**

(૧) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગરની કચેરીનો તારીખ ૨૯/૧૦/૨૦૧૩નો પત્રક્રમાંક-ઇ/૧૫૩૬/નવીસેવા/સાત જીલ્લા / ૨૦૧૪-૧૫/૧૮૧૪/૨૦૧૩

(૨) ગૃહ વિભાગનો તા.૧૪/૮/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ મહક/૧૦૨૦૧૨/ ૩૯૨૯/સ.

(૩) ગૃહ વિભાગનો તા. ૪/૧/૨૦૧૪નો પત્ર.

(૪) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગરની કચેરીનો તારીખ ૩૧/૦૧/૨૦૧૪નો પત્રક્રમાંક-ઇ/૧૫૩૬/નવીસેવા/સાત જીલ્લા / ૨૦૧૪-૧૫/૨૩૦/૨૦૧૪

(૫) ૨૦૧૪-૧૫ ના વર્ષ માટેનું ફેરફાર કરેલ અંદાજપત્ર પ્રકાશન નં.૧૨ પાના નં.૧૬૭

**ઠરાવઃ-**

રાજય સરકાર ધ્વારા નવા સાત જીલ્લાની રચના કરવામાં આવેલ છે. રાજય સરકાર ધ્વારા સંદર્ભ –૨ ના ઠરાવથી નવા સાત જીલ્લાના મુખ્ય મથક ખાતે જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરીઓ ખોલવા મંજૂરી આપવામાં આવેલ છે.

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીએ સંદર્ભ-(૧) તથા(૪) માં દર્શાવેલ તેઓના તા. ૨૯/૧૦/૨૦૧૩, તા. ૩૧/૧/૨૦૧૪ ના પત્રથી નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં નવી જગ્યાઓ મંજુર કરવા દરખાસ્ત કરેલ છે.

ઉક્ત દરખાસ્ત પર કાળજી પૂર્વક વિચારણાને અંતે નવુ મહેકમ મંજુર કરવા માટે વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં પ્લાન હેઠળ નવી સેવા તરીકે સમાવેશ કરી રૂ. ૫,૯૬,૮૭,૦૦૦/- ની જોગવાઇ કરવામાં આવેલ છે.તેની આથી નાણાકીય અને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

ઉપરોક્ત મુજબની સાત નવા જીલ્લા માટે ૮૩ x ૭ =૫૮૧ (પાંચસો એકયાસી) જગ્યાઓ તા.૨૮/૨/૧૫ સુધી ઉભી કરવા અને ભરવાની વહીવટી મંજૂરી નીચે દર્શાવેલ શરતોને આધિન આપવામાં આવે છે.

## Statement-I

| Sr. No | Designation of the Post | No. of Post | Pay- Scale of the Post ( Rupees) | Grade Pay (Rs.) |
|---|---|---|---|---|
| 1. | Armed Polic Sub Inspector ( RSI) | 7 | 9300-34800 | 4400 |
| 2. | Unarmed PSI ( SOG) | 7 | 9300-34800 | 4400 |
| 3. | Police Wireless Sub Inspector | 7 | 9300-34800 | 4400 |
| 4. | M.T. Polic Sub Inspector | 7 | 9300-34800 | 4400 |
| 5. | Armed Head Constable | 70 | 5200-20200 | 2000 |
| 6. | RedioTechnician | 7 | 5200-20200 | 2800 |
| 7. | Radio Operator | 21 | 5200-20200 | 2800 |
| 8. | M.T.Superviser | 7 | 5200-20200 | 2400 |
| 9. | MT. Mechnic.Gr.II | 14 | 5200-20200 | 2000 |
| 10. | M.T. Electrician.Gr.II | 7 | 5200-20200 | 2000 |
| 11. | Unarmed Police Constable | 84 | 5200-20200 ( 5300 fix) | 1800 |
| 12. | Armed Police Constable | 168 | 5200-20200(5300 fix) | 1800 |
| 13. | Head clerk | 14 | 9300-34800 | 4200 |
| 14. | Senior clerk | 28 | 5200-20200 | 2400 |
| 15. | Junior clerk | 105 | 5200-20200 ( 5300 fix) | 1900 |
| 16. | Clerk- cum Typist | 7 | 5200-20200 ( 5300 fix) | 1900 |
| 17. | Gujarati Typist | 14 | 5200-20200 ( 5300 fix) | 1900 |
| 18. | English Typist | 7 | 5200-20200 ( 5300 fix) | 1900 |
| | **Total** | **581** | | |

જ્યારે નીચેના વર્ગ-૪ના કોલમ(૨)માં જણાવેલ સેવાઓ માટે કોલમ (૩)માં જણાવેલ સંખ્યાની મર્યાદામાં માનવબળ આઉટ સોર્સીંગથી મેળવવા માટેની આથી મંજૂરી આપવામાં આવે છે.

## Statement-2

| (1) | (2) | (3) | (4) |
|---|---|---|---|
| 1 | Kenal boy | 7 | Out source (one per District) |
| 2 | Syces | 7 | Out source (one per District) |
| 3 | Head Cook | 7 | Out source (one per District) |
| 4 | Mess servant | 7 | Out source (one per District) |
| 5 | Tailor | 7 | Out source (one per District) |
| 6 | Cobler | 7 | Out source (one per District) |
| 7 | Peon | 14 | Out source (two per District) |
| | **Total** | **56** | |

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત જગ્યા માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

<u>જગ્યા ભરવા માટેની વહીવટી મંજૂરી અંગેની શરતોઃ-</u>

(૧) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૨) ઠરાવના ઉકત સ્ટેટમેન્ટ ૨ ના ક્રમાંક ૧ થી ૭ માં દર્શાવેલ સેવાઓ સમાન્ય વહીવટ વિભાગ ના તા.૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

(૩) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની રહેશે.

(૪) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

(૫) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૬) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૭) કોમપ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમપ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૮) રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૯) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનું ખર્ચ વર્ષ- ૨૦૧૪-૧૫ના બજેટમાં કરવામાં આવેલ જોગવાઇ અન્વયે નીચેના સદરે કરવાનું રહેશે.

મુખ્ય સદર ૨૦૫૫ પોલીસ - ગૌણ સદરઃ ૧૦૯- જીલ્લા પોલીસ, પેટા ગુખ્ય સદરઃ ૦૦ પેટા સદર -૦૧, MEP-6 - જીલ્લા પોલીસ ખુદ,પ્લાન કોડ નં.૧૧૪૫૦૫,સદર હેઠળ ઉધારવાનો રહેશે..

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકઃની ફાઇલ પર અ.મુ.સચિવશ્રી ( નાણા) ની તા. ૧૯/૮/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ.બી.ગોસાઇ )
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ

- મહા મહિમ રાજયપાલશ્રીના અગસચિવશ્રી રાજભવન ,ગાંધીનગર( પત્ર ધ્વારા)
- માન મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ , સચિવાલય,ગાંધીનગર
- માન રાજય કક્ષાના.મંત્રીશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,ગાંધીનગર
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી ( વહીવટ) ગુજરાત રાજય ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(કાયદો અને વ્યવસ્થા)ગુજરાત રાજય,ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશક(હથીયારી એકમો)ગુજરાત રાજય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગ, સચિવાલય , ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ક,ગ) સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય , ગાંધીનગર

- સંયુક્ત સચિવશ્રી (ક,ગ) ગૃહ વિભાગ સચિવાલય , ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી ગુજરાત રાજય રાજકોટ/ અમદાવાદ
- પેન્શન અને પ્રોવિડંડ ફંડ નિયામકશ્રી ગાંધીનગર
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી
- સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય , ગાંધીનગર
- નાણા વિભાગ,/ ઝ-૧ શાખા, સચિવાલય , ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી , બજેટ શાખા/ બ શાખા/ વ શાખા/ અ શાખા/ ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર,
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ